'Shantam Residency' નામની યોજના પૈકીમાં આવેલ ફ્લેટ નં. ..... ની સ્થાવર મિલક્તનો વેચાણ દસ્તાવેજ રૂા. ....=00 પુરાનો :-

આજરોજ **તારીખ :   /૧૨/૨૦૧૮** ના રોજ સદર વેચાણ દસ્તાવેજ
અમો લખી આપનારા-એક તરફવાળા(જમીન માલીક/આયોજક/પ્રમોટર) :-

Shubh Infra (P.No.**ADOFS6539H**) એ નામની ભાગીદારી પેઢી કેજેની ઓફીસ એ/૩૪, ઉધ્યોગનગર, પાણીગેટ બહાર, વડોદરા મુકામે આવેલ છે. તેના વતી ભાગીદાર તરીકે **મયંક જયંતિલાલ શાહ** ઉ.વ.આ.**૪૩**, ધંધો-વેપાર,(Aadhaar No.**8597 9495 6499**) (જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં **લખી આપનારા** અગર **એક તરફવાળા** અગર **જમીન માલીક/આયોજક/પ્રમોટર** એ રીતે સંબોધવામાં આવશે. જેના શબ્દના અર્થમાં લખી આપનારા-એક તરફવાળી ભાગીદારી પેઢીના ભાગીદારોનો પોતેજાતે તથા તેમના વંશ,વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, એડમીનીસ્ટેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલા છે.)

જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી લેનારા-બીજી તરફવાળા(વેચાણ લેનારા/એલોટી) :-

________________ Age **....**, P.No._____, Aadhaar No. _______

ઠેકાણું : ....
(જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં **લખી લેનારા** અગર **વેચાણ રાખનારા** અગર **બીજી તરફવાળા** અગર **એલોટી** એ રીતે સંબોધવામાં આવશે.જેના શબ્દના અર્થમાં લખી લેનારા-બીજી તરફવાળાનો પોતેજાતે તથા તેમના વંશ,વાલી,વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલા છે.)

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારા, તમો લખી લેનારા-બીજી તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

૧) તા.જી.વડોદરાના મોજેગામ **ગોત્રી**ની સીમના બ્લોક/સર્વે **નં.૫/૧** વાળી, સીટી સર્વે **નં.૨૮૦૪** વાળી,ટી.પી.સ્કીમ **નં.૬૦** ના ફા.પ્લોટ **નં.૬** વાળી, **૧૩૪૫.00** ચો.મી. જમીનનો રહેણાંક હેતુ માટે બિનખેતીનો વાપર, ઉપયોગ કરવા-કરવવાની જરૂરી પરવાનગી કલેકટરશ્રી, વડોદરાનાએ તા.૩૧/૦૧/૨૦૧૪ ના રોજ,તેઓના હુકમ નં. એન.એ./એસ.આર/ ૭૧૮/૨૦૧૩-૧૪ નં. જમીન/ડી/કલમ-૬૫/વશી/૪૬૪ થી ૪૭૨/૧૪ અન્વયે આપ્યા મુજબની બિનખેતીની જમીનના માલીકો, મુખત્યારો અને કબજેદારો **જયંતિભાઈ મણીભાઈ પટેલ તથા વિગેરે** નાની જમીન પૈકી ઉત્તર-પુર્વ(ઈશાન) દિશા તરફની બે રોડના ખુણાની ૧૬૭.૫૦ ચો.મી. (જેની દક્ષિણ દિશા તરફની પહોળાઈ ૧૦.૬૩ મી. તથા પશ્ચિમ દિશા તરફની લંબાઈ ૧૬.૪૩ મી. છે)જમીન બાદ કરતાં બાકી રહેતી **૧૧૭૭.૫૦** ચો.મી.વાળી જમીનના વેચાણ અંગે ઉપરોકત માલીકો તથા તા.૦૨/૦૭/૨૦૧૩ ના રોજ લખેલ કરારોના આધારે પ્રસ્થાપિત થયેલા હકકો પ્રમાણે શ્રધ્ધા એન્ટરપ્રાઈઝ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો પાસેથી, તેઓ સાથે નકકી થયા મુજબનો વેચાણ અવેજ **વાલમ હોમ્સ** એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ સંયુકત ભેગા મળી પાર્ટનરશીપ એકટના કાયદા ઓની જોગવાઈઓ અનુસાર ભાગીદારી પેઢીના નેઝા હેઠળ ચુકવવી આપી, તા.**૧૭/૦૪/૨૦૧૪** ના રોજ લખેલ રજી. વેચાણ દસ્તાવેજ નોધણી **નં.૩૧૩૭** અન્વયે વેચાણ રાખેલ હતી.જે આધારે સદર **૧૧૭૭.૫૦** ચો.મી.વાળી જમીનના **વાલમ હોમ્સ** એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા હતા.જેના રેવન્યુ રેકર્ડ સીટી સર્વેના કાર્ડમાં તા.૨૯/૦૫/૧૪ (મંજુરી તા.૦૩/૦૨/૨૦૧૫) ના રોજ પડેલ રજીસ્ટર્ડ વેચાણ નોધ નં. ૧૨૧૮૩ અન્વયે નામફેર થયેલ હતી.જે જમીનના વિકાસ અંગેની જરૂરી પરવાનગી વડોદરા મહાનગર સેવાસદનમાંથી તા. ૧૯/૦૨/૨૦૧૪ ના રોજ,રજાચીઠ્ઠી નં.વોર્ડ-૧૧/એપાર્ટમેન્ટ-૧૮૦/૨૦૧૩-૨૦૧૪ થી મેળવી નકશા મંજુર કરાવેલા હતા.

આમ, સદર સીટી સર્વે નં. **૨૮૦૪ પૈકી**ની, ફા.પ્લોટ નં.**૬ પૈકી**ની **૧૧૭૭.૫૦** ચો.મી.વાળી બિનખેતીની જમીન-મિલક્તના ઉપરોકત માલીક, મુખત્યાર અને કબજેદાર **વાલમ હોમ્સ** એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો પાસેથી, સદરહું જમીન વેચાણ રાખવા અંગે અમો લખી આપનારા-ભાગીદારી પેઢીના ભાગીદારોએ સંયુકત ભેગા મળી,પાર્ટનરશીપ એકટની જોગવાઈઓ મુજબ મુડી રોકાણ કરી, ભાગીદારી પેઢીના નામે તા. **૦૩/૦૫/૨૦૧૮** ના રોજ લખેલ રજી.વેચાણ દસ્તાવેજ નોધણી નં. **૪૮૫૬** અન્વયે વેચાણ રાખેલ હતી. જે આધારે સદરહું જમીનના અમો ભાગીદારી પેઢીના ભાગીદારો માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા હતા. અને જેના રેવન્યુ રેકર્ડમાં અમો ભાગીદારી પેઢીના નામે નામફેરની કાર્યવાહીઓ કરેલ છે.

૨) સદર જમીનના વિકાસ/વિકાસ અંગેની જરૂરી પરવાનગી વડોદરા મહાનગર સેવાસદનમાંથી તા. ૦૪/૧૨/૨૦૧૮ ના રોજ, રજાચીઠ્ઠી નં. વાર્ડ-૧૧/એફોર્ડેબલ હાઉસીંગ રેસી-૧૪૫/૨૦૧૮-૨૦૧૯ અન્વયે મેળવ્યા મુજબ અને મંજુર થયેલ નકશા પ્રમાણે એપાર્ટમેન્ટ પધ્ધતિ મુજબ બિલ્ડીંગમાં ફલેટો,કોમન પાર્કીંગ મુજબ "**Shantam Residency**" નામની યોજના નુ આયોજન કરેલ છે.

સદર યોજના રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઈઓને આધીન એકલોઝમેન્ટ નં. ______________________ થી નોધણી અર્થે રજુ કરેલ છે.

૩) સદર **નીચે પરીશીષ્ટ નં.૨)** માં વિગતે વર્ણવેલ મિલક્ત અમો આ લેખ લખી આપનારા-ભાગીદારી પેઢીના ભાગીદારનાએ તમો લખી લેનારાને આપણી વચ્ચે નકકી થયેલ શરતો-સ્પષ્ટતાઓ મુજબ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઈ ઓને આધીન રહીને સરકારશ્રી તરફથી ઉપ્લબ્ધ જંત્રીના દરોને ધ્યાનમાં રાખીને, તે અન્વયે તા. .... ના રોજ નોધણી નં. .... થી નોધાયેલ લેખો-લખાણો મુજબ, તેની શરતોને આધીન રહી, આપણી વચ્ચે નકકી થયેલ યોગ્ય અને વ્યાજબિ બજારકિમત પ્રમાણેની વેચાણ કિમત રૂા. **...........=૦૦** પુરામાં વેચાણ આપવાનુ નક્કી કરી, નકકી થયેલ કિમત મુજબ/પ્રમાણેમાં સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.સદર વેચાણ અવેજની રકમ નીચે જણાવેલ વિગત મુજબ પ્રાપ્ત થયેલ છે.

વેચાણ અવેજ મળ્યાની વિગત :-

રૂપિયા	**વિગત/બેન્કનુનામ/ચેક નં.**
-૦૦	**...................બેક**ના ચેક નં. .... થી

=૦૦	

સદર ઉપરોકત વિગત મુજબ વેચાણ અવેજની રકમ અમો આ લેખ લખી આપનાર-ભાગીદારી પેઢીના નામે તમો આ લેખ લખી લેનારા તરફથી આ વેચાણ દસ્તાવેજ અન્વયે ચુકતે મળ્યાની આથી પહોચ,પાવતી આપી તે વેચાણ અવેજ ચુક્તે મળ્યાનુ કબુલ કરી અને તેના બદલામાં આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. અને વધુમાં સરકારશ્રીના કાયદાઓ હેઠળ નાયબ નોધણી સરનિરીક્ષકશ્રીની, ગાંધીનગરનાએ કરેલ પરીપત્રમાં જણાવ્યા મુજબ ભારતીય નોધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૨૧ અન્વયે નોધણી અર્થે રજુ થતાં લેખોમાં મિલકતની સ્પષ્ટ ઓળખ માટે મિલકતનો ફોટો લગાવવો જરૂરી હોઈ, આ લેખ અન્વયે હાલ સ્થળસ્થિતિ મુજબની યોજનાની મિલકતનો ફોટો લગાવી આપણી વચ્ચે નકકી થયા મુજબની મિલકત વેચાણ આપી,તેનો આ વેચાણ દસ્તાવેજ લખી આપી, તમો લખી લેનારાને બિન તકરારી ખાલી,શાંત અને પ્રત્યક્ષ કબજો સોપેલ છે.જેનો બિન તકરારી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો સંપુર્ણ માલીકી હક્કેથી તમો લખી લેનારાએ સંભાળી લીધેલ છે.

૪) સદરહું **નીચે પરીશીષ્ટ નં.૧)** માં વિગતે વર્ણવેલ સમગ્ર જમીન ઉપર આયોજીત રહેણાંક યોજના કેજે “**Shantam Residency**” ના નામથી ઓળખાશે અને જે નામમાં કે એલીવેશનમાં કોઈપણ પ્રકારે ફેરફાર કરવા-કરાવવા કોઈને હક્ક અને અધિકાર નથી.

સદર લેખ અન્વયે **નીચે પરીશીષ્ટ નં.૨)** માં વર્ણવેલ વેચાણ આપેલ મિલક્તના લાગતાં વળગતાં તમામ પ્રકારના હક્કો સાથેની, તેમાં જવા-આવવાના રસ્તા-પાણીના નીકાલના તથા ટેલીફોન, લાઈટ, ડ્રેનેજ વિગેરેના કનેકશનો લાવવા-લઈ જવાના સર્વે પ્રકારના સુખાધિકારી હક્કો સાથેની મિલકત યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામ ન દાવે કાયમને માટે વેચાણ આપેલ છે. જેથી સદર વેચાણ આપેલ મિલક્ત નો માલીકી હક્કે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા-કરાવવા તથા તે અન્યને ગીરો,વેચાણ, બક્ષીસ કરવા-કરાવવા તમો લખી લેનારા તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે માલીક, મુખત્યાર અને કબજેદાર થયા છો. હવેપછી સદર વેચાણ આપેલ મિલકત અમારા હકક કે અધિકાર રહેતો નથી.

૫) સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ **નીચે પરીશીષ્ટ નં.૨)** વાળી મિલક્તના માલીક તરીકે જરૂરી રેવન્યુ રેકર્ડ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરેમાં તમો લખી લેનારા તમારા નામે નામફેર કરવા-કરાવવા હક્કદાર અને અધિકારી છો. તે અંગે અમો અમારી જરૂરી તમામ સહી-સંમતીઓ કરી આપીશું. વધુમાં તમો લખી લેનારાએ વીજ કનેકશન તથા વીજ મીટર ડીપોઝીટની રકમ, વીજ ચાર્જીસ, સરકારી કાયદાઓના પ્રવર્તમાન દરો મુજબ જીએસટી,સર્વિસ ટેક્ષ, સેસ તથા અન્ય કર-વેરા વિગેરે તથા તમામ રેવન્યુ રેકર્ડમાં નામફેર કરવાનો ખર્ચ, લાઈફ ટાઈમ કોમન મેઈન્ટેન્સની ડીપોઝટની રકમ/ફંડ વિગેરે જે કાંઈ ભરવાના છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારીઓ તમો લખી લેનારાની રહેશે.સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ,નોંધણી ફી,લખાઈ ફી વીગેરે નો તમામ ખર્ચ તમો લખી લેનારાએ ભોગવેલો છે અને ભવિષ્યમાંજે કોઈ વધારાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની આવે તો તમો લખી લેનારાએ ભરવાની છે.

૬) સદરહું જમીનમાં બાંધકામ અર્થે મંજુર થયેલા નકશામાં દર્શાવ્યા મુજબ **નીચે પરીશીષ્ટ નં.૧)** માં વિગતે વર્ણવેલ સમગ્ર જમીનમાંની ખુલ્લી જમીન કોઈપણ પ્રકારે અંગત માલીકી માગ્યા સીવાય કાયમને માટે ખુલ્લી રાખવા તમો લખી લેનારા તથા અન્ય યુનીટ વેચાણ લેનારા સહ હીસ્સેદાર બંધાયેલા રહેશે.અને સદર લેખથી સ્થળસ્થિતી માપ પ્રમાણેની ફ્લેટ /એપાર્ટમેન્ટ પધ્ધતિવાળી યોજના પૈકીની **નીચે પરીશીષ્ટ નં.૨)** વાળી મિલકત તમોને વેચાણ આપેલ હોઈ, જે યોજનાની તથા વેચાણ આપેલ મિલકતના માપ વિગેરેની તમામ માહીતી મેળવી વેચાણ લીધેલ હોઈ, જેના સ્થળસ્થિતી માપ પ્રમાણેની તમારી માલીકી રહેશે. જેથી સદર **નીચે પરીશીષ્ટ નં.૧)** માં વિગતે વર્ણવેલ યોજનાની ખુલ્લી જમીનમાં કે અન્ય કોઈપણ બાંધકામમાં પોતાનો આગવો ભાગ જુદો પાડી શકશે નહી કે માલીકી માંગી શકશે નહી.અને સદર યોજનાની જાહેરાત માટે બનાવેલ/આપેલ બ્રોચર (પેમ્પલેટ) ફક્ત એલીવેશન દેખાવ માટે બનાવેલ હોઈ,તે મુજબના બાંધકામ કે દેખાવ અંગે યુનીટ વેચાણ લેનારા કોઈપણ પ્રકારે આગ્રહ રાખી શકશે નહી. અને યોજનાના આયોજકો દ્વારા યોજનાના યુનીટ વેચાણ લેનારાની જરૂરીયાત મુજબની સુવીધાઓ માટે કરેલા/કરેલ/થનાર ફેરફારો યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવાના રહેશે. તે અંગે અન્ય કોઈપણ યુનીટ વેચાણ લેનારાએ હાલમાં કે ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધો કે તકરાર કરવા-કરાવવાની રહેશે નહી.તેવી સ્પષ્ટતા સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૭) સદરહું **નીચે પરીશીષ્ટ નં.૧)** વાળી જમીનમાં આયોજીત યોજનાની જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી અંગે યોજનાના યુનીટો વેચાણ લેનારાઓ માટે થનાર વિકાસ મંડળ યા એશોસીએશન માં ફરજીયાત સભાસદ થઈ, તેના નીતી નિયમોનું ફરજીયાત પાલન કરવાનુ રહેશે એટલે કે આ વેચાણ દસ્તાવેજ અન્વયે તમો લખી લેનારા યોજનાના યુનીટધારક થતાં હોઈ અને આપોઆપ યોજનાના એશોસીએશનના સભ્ય થતાં હોઈ,યોજનાના નીયમોનુ ફરજીયાતપણે પાલન કરવાનુ રહેશે. અને યોજનાના એશોસીએશનના વહીવટકર્તાઓએ લીધેલ નીર્ણયો ફરજીયાતપણે તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવા-રખાવવા રહેશે અને વહીવટી ખર્ચ, વરાડે પડતા જાળવણી,સાચવણી,સફાઈ તથા નીભાવણી, જેતે બિલ્ડીગમાં કોમન લાઈટ બીલ-લીફ્ટ મેઈન્ટેનન્સ-પાણીની મોટર પંપનો તથા સામુહીક વપરાશની તમામ ચીજવસ્તુઓના રીપેરીંગ ખર્ચ વિગેરે જેવા મેન્ટેનન્સ ચાર્જીસ અંગેની રકમ યુનીટ વેચાણ લેનારાઓએ વરાડે પડતા ભાગ આપવાની છે.અને નકકી થયા મુજબ મેઈન્ટેનન્સ/ડીપોઝીટ ની રકમ એક વખત ફરજીયાતપણે અલગથી ચુકવવાની

રહેશે. તથા યોજનામાં આવેલ વણ વહેચાયેલી તથા સામુહીક વપરાશની જમીનના સંપુર્ણ હકકો યોજનાના એશોસીએશન યા વિકાસ મંડળને તબદીલ/પ્રાપ્ત થનારા હોઈ, તેના નીતી નીયમો પ્રમાણે આધીન રહી તે મુજબ વર્તવાનુ રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદર એપાર્ટમેન્ટ પધ્ધતિવાળા બિલ્ડીંગના યુનીટ વેચાણ લેનારાઓએ ચિલ્ડ્રન પાર્ક,ગાર્ડન/કોમન પ્લોટ/કલબ હાઉસ, કોમન રસ્તા, કોમન દાદર-પેસેજ, કોમન લીફ્ટ, પાણીની મોટર-પંપ, અંદરના ભાગે આવેલ કોમન પાર્કીંગ, ટાંકીઓ, સુરક્ષા ખર્ચ, અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીક કેબલના મેઈન્ટેનન્સ વિગેરે તેમજ સામુહીક વપરાશની તમામ ચીજવસ્તુઓનો વાપર, ઉપયોગ, ઉપભોગ યોજનાના તમામ યુનીટ વાપરનારાઓએ જ સહીયારો સહીયારી જવાબદારીથી કરવાનો રહેશે. અને તેના મરામત રીપેરીંગ, સુધારા કરવા-કરાવવા અંગે યોજના ના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ ફરજીયાતપણે સાથ સહકાર આપવાનો રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૮) સદર **નીચે પરીશીષ્ટ નં.૧)** માં વિગતે વર્ણવેલ જમીનમાં આયોજીત નામની યોજનામાં આવેલ જેતે ફલેટને અડીને આવેલ ખુલ્લી બાલ્કનીનો ફરજીયાતપણે ખુલ્લો રાખી, કોઈપણ પ્રકારે બાંધકામ /દબાણ કર્યા સીવાય,જેતે ફલેટ માલીકોએ પ્રાપ્ત થયેલા માલીકી હકકો મુજબ કાયમી વાપર, ઉપયોગ કરવા-કરાવવા હકકદાર અને અધિકારી છે.અને તેમાં અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારા ઓની માલીકી રહેશે નહી કે માંગી-મંગાવી શકશે નહી.તથા ત્યારબાદ યોજનાના બિલ્ડીંગમાં ઉપર આવેલ અગાસીનો ફક્ત વાપર,ઉપયોગ યોજનાના યુનીટ વેચાણ લેનારાઓએ એકબીજાને અડચણ અટકાવ ન પડે કે તકરાર ન થાય તે રીતે અંગત માલીકી માંગ્યા સીવાય સહીયારો કરવાનો રહેશે. જે અંગે હાલમાં કે ભવિષ્યમાં કોઇએ પણ વાંધો કે હેલો-હરકત, તકરાર કરવાની રહેશે નહી કે સદર યોજનાના જેતે બિલ્ડીંગની ઉપર આવેલ અગાસી પર કોઈપણ યુનીટ વેચાણ લેનારાઓ અંગત માલીકી માંગી શકશે નહી. સદર યોજનાની ઉપર આવેલ અગાસી, તથા એફએસઆઈ સહના સંપુર્ણ હકકો યોજનાના એશોસીએશન યા વિકાસ મંડળને તબદીલ/પ્રાપ્ત થનારા હોઈ, તેના નીતી નીયમો પ્રમાણે આધીન રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૯) સદરહું યોજનાના એલીવેશનમાં કોઇપણ પ્રકારે ફેરફાર થાય કે આર.સી.સી. સ્ટ્રકચર કે દીવાલોને કોઈપણ જાતનુ નુકશાન થાય તેવુ કૃત્ય કોઈપણ યુનીટ વેચાણ રાખનારાઓએ કરવા-કરાવવાનુ રહેશે નહી કે લીફ્ટ-પેસેજ, રસ્તાઓ, કોમન એરીયામાં કોઇપણને અડચણ પડે તે રીતે માલ-સામાન વિગેરે મુકવાનો રહેશે નહી.અને યુનીટમાં ભારે માલસામાન કે વાઈબ્રેશન કે અવાજનું પ્રદુષણ થાય તેવી ભારે મશીનરી કે મોટર મુકવાની રહેશે નહી કે પ્રદુષણ થાય તેવી કોઈ પ્રવૃતિ કરવાની રહેશે નહી અને યોજનાના કોમન પાર્કીંગ,પેસેજમાં ગંદકી કરવી નહી કે કોઈને અડચણ થાય તેવુ કૃત્ય કોઇએ કરવાનુ નથી કે સરકારી કાયદા વિરૂધ્ધ કોઈ માલ-સામાન રાખવાનો નથી કે તેવો કોઈ ગુનાહીત કૃત્ય/ધંધો કરવાનો નથી તથા સળગી ઉઠે તેવો કોઈ સ્ફોટક પદાર્થ રાખવાનો નથી કે તેવુ કૃત્ય કોઈપણ યુનીટ વેચાણ લેનારાઓએ કરવાનુ રહેશે નહી.તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૦) સદર વેચાણ આપેલ મિલક્તની બહારના ભાગે કોઈપણ સુધારા-વધારા કે ઓપનીંગમાં(બારી દરવાજા) માં ફેરફાર કરવા કે ડીપશેડમાં કોઈ દબાણ કરવું નહી કે પ્રોજેક્ટ કરેલ ગ્રીલ લગાડવાની નથી. નકકી થયા પ્રમાણેના દેખાવ મુજબ સેફ્ટી ગ્રીલ લગાડવાની છે અને રહેશે. તેમજ વેચાણ આપેલ યુનીટની દિવાલ,બારી,દરવાજા વિગેરેની સ્થળ સ્થિતી કે કલરમાં ફેરફાર કરવાનો નથી કે કરી શકાશે નહી તથા નકકી થયેલ દેખાવ મુજબની સેફ્ટી ગ્રીલ બનાવડાવાની રહેશે.તથા સ્લેબની ઉપર-નીચેના માલીકો સાથેની માલીકી અને દિવાલોની આજુબાજુના માલીકો સાથેની માલીકી સહીયારી રહેશે તેમજ તેનો નિભાવણી, મરામત, નવીન બનાવવા અંગેનો ખર્ચ વીગેરે જેતે યુનીટ માલીકોએ જરૂરપડે ત્યારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. અને સદરહુ યોજનાના એલીવેશનમાં કે કલરમાં ફેરફાર થાય તે રીતે અન્ય કોઈપણ જગ્યાએ બાહ્ય દેખાવમાં એરકન્ડીસનર આઉટ ડોર યુનીટ મુકવાનુ રહેશે નહી. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૧) સદરહુ યોજના ફલેટ ઓર્નશીપ એક્ટની જોગવાઈઓને આધીન ફલેટ/એપાર્ટમેન્ટ પધ્ધતિ વાળી હોઈ, યોજનાની જમીનમાં વણ વહેચાયેલા હીસ્સાની જમીન સહના તમો લખી લેનારા આથી માલીક થતાં હોઈ, ભવિષ્યમાં કુદરતી હોનારત

અન્વયે યોજનાને કોઈપણ પ્રકારે નુકશાન થાય, તો તેવા પ્રસંગે **નીચે પરીશીષ્ટ નં.૨)** માં વિગતે વર્ણવેલ વેચાણ આપેલ મિલકતના માપ/મળવાપાત્ર એફ.એસ.આઈ પ્રમાણે,તે મુજબ યોજનાના અન્ય યુનીટ માલીકો સાથે ભેગા મળી બાંધકામ કરવા તમો લખી લેનારા હક્કદાર અને અધિકારી રહેશો.વધુમાં આથી સ્પષ્ટતા કરીએ છીએ કે તમો લખી લેનારા જો તમોને આથી વેચાણ આપેલ **નીચે પરીશીષ્ટ નં.૨)** વાળી મિલક્ત અન્ય કોઈને વેચાણ આપો તો સદર આ લેખની તથા આપણી વચ્ચે નકકી થયેલ તમામ શરતો માન્ય રખાવી,તેને આધીન રહેવાની સ્પષ્ટતા સાથે જ વેચાણ આપી શકશો અને આપવાની રહેશે.તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૨) અમો લખી આપનારા આથી સ્પષ્ટતા કરીએ છીએ કે વેચાણ આપેલ મિલકતનો કબજો સુપ્રત ક્ર્યા બાદ ઈન્ટરલ ઓલ્ટરેશન/ફનીચર સહના કામ દરમ્યાન સ્ટ્રકચર કેપેસીટી ધ્યાનમાં રાખી, સ્ટ્રકચર કેપીસીટી ઉપરાંતનુ કામ કરી શકાશે નહી. તેમજ જરૂરી સ્ટ્રકચર કન્સ્ટલટન્ટ પાસેથી જરૂરી સ્ટેબીલીટી સર્ટીફીકેટ તેમજ એશોસીએશન/આકીટેકટનુ એનઓસી મેળવવીને જ ઈન્ટરનલ ફેરફેર કરી-કરાવી શકશો. અને તે દરમ્યાન કોઈપણ પ્રકારે નુકશાન થયા તો તેવા પ્રસંગે નુકશાન કરનાર યુનીટ માલીકોએ તેનો તેનો નિભાવણી, મરામત,નવીન બનાવવા અંગેનો ખર્ચ વી. ભોગવવાનો રહેશે, તે અંગે આજુબાજુના,ઉપર-નીચેના યુનીટ માલીકોએ ફરજીયાતપણે તમામ સાથ સહકાર આપવાનો રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૩) સદરહું યોજનાનુ બાંધકામ પરીપુર્ણ થયેથી તેમાં આવેલ કોમન લીફ્ટ/લાઈટ અને બિલ્ડીંગમાં લગાડેલ ઈલેકટ્રીકટ/ઈલેકટ્રીકલ સાધનો/ઈન્ટુમેન્ટના કેબલીંગ(વાયરીંગ)વિગેરેમાં ફોલ્ટ કે ઈલેકટ્રીકટ શોર્ટસર્કીટ કે અન્ય કોઈ કારણોસર કોઈપણ પ્રકારે અકસ્માત થાય તો તેવા પ્રસંગે તે અંગે જરૂરી રીપેરીંગ મરામત,નુકશાની,વળતર ખર્ચાઓ યોજનાના એશોસીએશનમાં જમાં થનાર/કરાવેલ મેન્ટેન્સની રકમમાંથી કરવા-કરાવવાના રહેશે. વધુમાં સદરહું યુનીટની ઉપરોકત નકકી થયેલ કિમત/ફાયનાન્સને લગતી તમામ કાર્યવાહી/જવાબદારીઓ પરીપુર્ણ કર્યા બાદ અને ઉપરોકત નકકી થયેલ રકમ પુરેપુરી ચુકવાઈ ગયા બાદ જ કબજો ભોગવટો માંગવા-મંગાવવા કે ફર્નીચર વિગેરેના કામો ક્રવા-કરાવવા હકકદાર હોઈ, ફરજીયાતપણે લેખીત કબજો (પજેશન લેટર) મેળવવ્યા બાદ જ યુનીટનો વાપર,ઉપયોગ કરી શકશો. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૪) સદરહું યોજના હેઠળની સમગ્ર જમીનમાં બાંધકામ અર્થે યોજના માટે મંજુર થયેલા નકશામાં દર્શાવેલ-બનાવેલ સામુહીક પાર્કીગની જગ્યામાં એટલે કે પાછળના/યોજનાની અંદરના ભાગે આવેલ કવર્ડ પાર્કીગમાં યોજનાના યુનીટ વેચાણ રાખનારા માલીકોએ અનુકુળતા મુજબ પાર્કીગ માટે મળેલ જગ્યામાં જ,અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારા ને જવા-આવવામાં કે પાર્કીગ કરવામાં કોઈ અડચણ કે અટકાવ ન થાય તે રીતે કોઈપણ પ્રકારે તકરાર કર્યા સિવાય પાર્કીગ કરવાનુ રહેશે અને અમુક ચોક્કસ જગ્યામાં પાર્કીગ કરવા હક્ક કે અધિકાર ધરાવી શકશે નહી.અને પાર્કીગમાં માલ-સામાન કે કાર્ટીગના ઉપયોગના વાહનો મુકી શકાશે જ નહી અને અમુક ચોક્કસ જગ્યામાં પાર્કીગ કરવા હક્ક કે અધિકાર ધરાવી શકશે નહી. અને અમુક ચોક્કસ જગ્યાએ પાર્ક કરવા માંગતાં હોય તો તેવા પ્રસંગે એશોસીએશનમાંથી પરવાનગી લઈ તે મુજબ વર્તવાનુ રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આવેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૫) અમો લખી આપનારા આથી લખી સ્પષ્ટતા કરીએ છીએ કે લખી આપનારા/પ્રમોટર/આયોજકનાએ યોજના અંગે ઓક્યુપન્સી સર્ટીફિકેટ મેળવ્યા બાદ અને તમો લખી લેનારા/એલોટી દ્વારા નકકી થયેલ વેચાણ અવેજની રકમ સંપુર્ણ ચુકવણી થયા બાદ માસ-૩ (ત્રણ) સુધીમાં વેચાણ આપેલ મિલકતનો કબજો સોપવાનો હોઈ, અમો લખી આપનારા /પ્રમોટર/આયોજકનાએ બાબતે ખાત્રી આપે છે કે અમારી તરફથી પુર્ણ કરવાની આવતી તમામ પ્રકારની જોગવાઈ, ઔપચારિકતા કે દસ્તાવેજી કરણને લગતી બાબતોની ઉપ્લબ્ધ એવી તમામ પુર્તતા કરી આપીશું. અને ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવેથી અને નકકી થયા મુજબનો સંપુર્ણ વેચાણ અવેજની ચુકવણી થયા બાદ વેચાણ આપેલ મિલકતનો કબજો સોપવાની કાર્યવાહી કરીશું. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આવેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૬) આ લેખ હેઠળની કોઇ જોગવાઇ પ્રમાણે સરકારી કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય, તો લેખની તે જોગવાઇઓ આ લેખના હેતુ માટે

વ્યાજબી રીતે સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમને સુસંગત હોય તેટલે સુધી આ વેચાણ લેખની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને વેચાણ લેખમાં સહી કરતે વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.તેવી સ્પષ્ટતા સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૭) અમો લખી આપનારા/પ્રમોટર/આયોજક દ્વારા આથી વેચાણ આપેલ મિલકતનો આ માલીકીફેરના દસ્તાવેજ અન્વયે કાયદાઓની જોગવાઈઓ મુજબ કબજો સુપ્રત કરેલ હોઈ,પરંતુ લેખિતમાં ઉપયોગ તેમજ તેના કામ પુર્ણ રીતે તૈયાર હોવાની નોટીસ/જાણ કરેથી, તમો લખી લેનારા/એલોટીએ લેખીત કબજો સંભાળ્યા બદલનો કરાર લખી આપેથી દિન-૧૫ માં આથી વેચાણ આપેલ મિલકતનો કબજો સંભાળવાનો રહેશે. અને આથી વેચાણ આપવા નકકી કરેલ મિલકતનો કબજો લેવા અંગે ઉપરોકત મુદ્દા મુજબ પ્રમોટર/આયોજક દ્વારા લખી લેનાર/એલોટીને લેખિત સુચના મળેથી, લેનાર/એલોટી દ્વારા ચુક થાય કે કબજો લેવામાં નિષ્ફળ જાય, તો તેવા સંજોગોમાં લખી લેનારા/એલોટી લાગુ પડતા મેન્ટેનન્સ ચાર્જીસ ચુકવવા બંધાયેલા રહેશે. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આવેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૮) અમો લખી આપનારા આથી લખી આપી સ્પષ્ટતા કરી જણાવીએ છીએ કે તમો લખી લેનારાને સદરહું યોજનામાં આવેલ આથી વેચાણ આપેલ યુનીટનો કબજો સુપ્રત કરેથી/કમ્પલીશન મળેથી પાંચ(૫)-વર્ષના સમયગાળાની અંદર વેચાણ આપેલ મિલકતમાં કોઈપણ પ્રકારના માળખાકીય ક્ષતિ અથવા કામગીરી કે ગુણવત્તાં કે સેવાની જોગવાઈઓને કારણે ઉદ્ધભવેલ ક્ષતિ/નુકશાન લખી આપનારાના દયાનમાં લાવે,તેવા સંજોગોમાં, શક્ય હોય ત્યાં અમારા પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપીશું અને જો તે રીતે ક્ષતિપુર્તિ શક્ય ન હોય તો, તમો લખી લેનારા, અમો લખી આપનારા પાસેથી કાયદામાં સુચવેલ પધ્ધતિએ વડતર મેળવી શકે છે. પરંતુ કબજો સુપ્રત કરેથી/કમ્પલીશન મળેથી પાંચ(૫)-વર્ષના સમયમગાળા દરમ્યાન અમો લખી આપનારાના નિયંત્રણ બહારની હોય, તેવી કોઈપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કામગીરી,ગુણવત્તા કે સેવાની જોગવાઈની ક્ષતિપુર્તિ માટે અમો લખી આપનારા/આયોજકનાની જવાબદારી રહેશે નહી. તેવી સ્પષ્ટતા-સ્પષ્ટ શરત સાથે આ વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

૧૯) અમો આથી લખી આપી સ્પષ્ટતા કરી જણાવીએ છીએ કે સદર વેચાણ લેખમાં જણાવ્યા મુજબની યોજનામાં આવેલ તેનો કોઈપણ ભાગને લગતી બાબતનો કાનુની હેતુમાટે ઉપયોગ થઈ શકશે નહી. અને સદર વેચાણ લેખની રૂએ લખી લેનારા/એલોટીને વેચાણ આપેલ જમીન-મિલકત, (ખુલ્લી જગ્યા, પાર્કીંગ સ્પેશ, લોબી, દાદર, ટેરેસ, મનોરંજન સ્થળ વિગેરે જે લાગુ પડતુ હોઈ) પર જ્યાં સુધી તે એલોટીના નામે હસ્તાંતરિત કરવામાં ના આવે ત્યાં સુધી એલોટી પોતાનો દાવો કરી શકશે નહી. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર લેખ લખી આપેલ છે.

૨૦) અમો આથી લખીએ છીએ કે આ વેચાણ લેખની અગાઉ નકકી થયેલ બોલીઓ તથા શરતો સંબંધી અર્થઘટન બાબત ઉત્પન્ન થનાર તમામ વિવાદ કે જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે બાબત અરસ-પરસ સમજુતી-સંમતીથી ઉકેલ લાવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ હેઠળના નિયમો તથા નિયમન ની જોગવાઈઓ હેઠળ નિમવામાં આવેલ લવાદ દ્વારા નિકાલ કરવામાં આવશે.

અમો આથી લખી આપી સ્પષ્ટતા કરી જણાવીએ છીએ કે આ વેચાણ લેખ હેઠળ પક્ષકારોના ઉત્પન્ન થતાં હકક, ફરજો તથા જવાબદારીઓ જે તે સમયે અમલમાં રહેલ ભારત સરકારનાં કાયદાઓને અનુસાર અમલ કરવામાં આવશે. અને ન્યાયક્ષેત્ર હાલ સ્થળ પ્રમાણે નામદાર કોર્ટનુ રહેશે. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર લેખ લખી આપેલ છે.

૨૧) સદર વેચાણ દસ્તાવેજના આધારે **નીચે પરીશીષ્ટ નં.૧)** માં વિગતે વર્ણવેલ યોજના હેઠળની જમીન અમો એક તરફવાળી ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની છે અને જે યોજનાની જમીન અંગે આપેલ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ મુજબ ટાઈટલ ચોકખ્ખા અને કલીયર માર્કેટેબલ છે.અને આથી વેચાણ આપેલ મિલકતમાં બીજા અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગ,ભાગ,હક્ક, હીત, સંબંધ નથી કે તે અન્ય કોઈ વ્યકિત,પેઢી કે નાણાંધીરનાર બેક, ફાયનાન્સ કંપની,સંસ્થાને ગીરો,વેચાણ, બક્ષીસ,બાનાખત યા અન્ય કોઈપણ પ્રકારના લેખ-લખાણોથી લખી આપી નથી. તેમજ તે

વેચાણ આપવાનો સંપુર્ણ હક્ક અને અધિકાર છે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપીને વેચાણ આપેલ હોઈ અને તમો લખી લેનારાએ સદરહું યોજનાની તમામ મેળવેલ પરવાનગીઓ, હાલ સ્થળ સ્થિતિની જાત-માહીતી મેળવી, જોઈ ચકાસી વેચાણ રાખેલ હોઈ અને આથી વેચાણ આપેલ મિલકત તમો લખી લેનારાએ વેચાણ રાખેલ હોઈ, સદર નીચે વેચાણ આપેલ મિલકતના વર્ણનવાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી લખી આપી વેચાણ આપેલ છે.

-: યોજના હેઠળની જમીનનુ વર્ણન (પરીશીષ્ટ નં.૧) :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને સબ ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૪ ના મોજે ગામ **ગોત્રી**ની સીમના બ્લોક/સર્વે **નં.૫/૧** વાળી કેજેનો પ્રારંભિક ટી.પી.સ્કીમ **નં.૬૦**(ગોત્રી)માં સમાવેશ થતાં ફા.પ્લોટ **નં. ૬** મળેલ છે. જેનો સીટી સર્વે **નં.૨૮૦૪** છે. સદર સમગ્ર જમીન પૈકીની **૧૧૭૭.૫૦** ચો.મી. વાળી બિનખેતીની જમીન કે જેમાં ‘‘**Shantam Residency**’’ નામની યોજનાનુ આયોજન કરેલ છે. જે યોજના જમીનની ચતુઃસીમા નીચે મુજબ છે.

પુર્વ : લાગુ ૯.૦૦ મીટરનો ટી.પી.નો રોડ તથા ફા.પ્લોટ નં.૬ પૈકી ઉત્તર-પુર્વ (ઈશાન ખુણા) ની જમીન
પશ્ચિમે : લાગુ ફા.પ્લોટ નં.૮(ટેલીફોન એક્ષેચેન્જ) વાળી જમીન આવેલ છે.
ઉત્તરે : લાગુ ૯.૦૦ મીટરનો ટી.પી.નો રોડ તથા ફા.પ્લોટ નં.૬ પૈકી ઉત્તર-પુર્વ (ઈશાન ખુણા) ની જમીન
દક્ષિણે : લાગુ ફા.પ્લોટ નં. ૨/૧ વાળી જમીન આવેલ છે.

-: વેચાણ આપેલ મિલકતનુ વર્ણન (પરીશીષ્ટ નં.૨) :-

સદર ઉપરોકત પરીશીષ્ટ નં.૧) માં વર્ણવેલ જમીનમાં બાંધકામ અંગે મેળવેલ જરૂરી પરવાનગી/મંજુરીઓ મુજબ આયોજીત યોજના પૈકી **...... મજલે** આવેલ **ફલેટ નં. .....** વાળી **.....** ચો.મી. **કારપેટ એરીયા** તથા **.....** ચો.મી. **બાલ્કની/વોશ એરીયા**વાળી કેજે મંજુર થયેલ નકશા મુજબ **.....** ચો.મી.**બિલ્ટઅપ એરીયા** ના સ્થળસ્થિતિ મુજબ સંપુર્ણ બાંધકામવાળી મિલકત તથા તેને એપાર્ટમેન્ટની વરાડે પડતી વણ વહેચાયેલી **.....** ચો.મી. તથા સામુહીક વપરાશની વણવહેચાયેલી ..... ચો.મી. જમીન સહની જમીન-મિલકત સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પુર્વ : **લાગુ** .... પશ્ચિમે : **લાગુ** ....
ઉત્તરે : **લાગુ** .... દક્ષિણે : **લાગુ** ....

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાએ અમારી રાજીખુશીથી વાંચી, સમજી, વાકેફ થઈ અક્કલ હોશીયારીથી લખી આપેલ છે.જે અમોને તથા અમારા વંશ,વાલી,વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.જેના સાક્ષી પુરાવારૂપે નીચે અમારી પોતાની સહીઓ કરી આપેલ છે.

અત્રે .... મતુ અત્રે .... શાખ

એક તરફવાળા(જમીન માલીક/આયોજક/પ્રમોટર) :-

Shubh Infra એ નામની ભાગીદારી
પેઢીના વતી ભાગીદાર તરીકે =====

મયંક જયંતિલાલ શાહ =====

-: મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :-

સરનામુ :- **ફ્લેટ નં. ......** ''Shantam Residency'', ટેલીફોન એક્સચેન્જ પાસે, ગોત્રી-સેવાસી રોડ, ગોત્રી, વડોદરા

લખી આપનારા :- **લખી લેનારા :-**

_____________________ ___________________

રજી.એકટ ૧૯૦૮ ના કલમ ૩૨-એ મુજબ શીડ્યુઅલ

લખી આપનારા :-

લખી લેનારાઃ-

નોધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનુ ચેક લીસ્ટ

અનુ. નંબર	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનારા, સંમતી આપનારા અથવા તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો :-		
૧)	વેચાણ લેખમાં દર્શાવ્યા મુજબ વડોદરાના મહેસુલી મોજે ગામ **ગોત્રી**ની સીમના બ્લોક/સર્વે નં.**૫/૧** વાળી, પ્રારંભિક ટી.પી.સ્કીમ નં.**૬૦**(ગોત્રી)ના ફા.પ્લોટ નં. **૬** વાળી સીટી સર્વે નં.**૨૮૦૪** વાળી જમીન કે જેમાં આયોજીત ' **Shantam Residency**' નામની યોજનામાં આવેલ **ફ્લેટ** નં. **............** વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ/લેખ કરી આપેલ છે.?	હા
૨)	લેખમાં દશાવ્યા મુજબ માપ **........** ચો.મી. **કારપેટ એરીયા** કે જે **.........** ચો.મી. **બિલ્ટઅપ એરીયા** વાળી મિલકતનો આ લેખ કરી આપેલ છે. ?	હા
૩)	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે વેચાણ અવેજની રકમ મળેલ છે.?	હા
૪)	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમ કબુલ રાખો છો.?	હા
૫)	પાવર ઓફ એટર્ની લખી આપનારા આ દસ્તાવેજની તારીખે હયાત છે.?	લાગુ નથી
૬)	પાવર ઓફ એટર્ની લેખમાં પાવર ઓફ એટર્ની આપનારા વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનુ નિશાન કરેલ છે. ?	લાગુ નથી
૭)	પાવર ઓફ એટર્ની નો લેખ આ દસ્તાવેજની તારીખે અમલમાં છે. ?	લાગુ નથી
૮)	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતાં હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો. ?	હા
ઓળખાણ આપનારાને પુછવાના પ્રશ્નો :-		
૧)	દસ્તાવેજ લખી આપનારા વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી, તેઓને તમે જાતે ઓળખો છો.?	હા
૨)	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એકજ છે.?	હા
૩)	કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને સહી કરી, કબુલાત આપી નથી,એવી તમે ખાતરી આપો છો.?	હા

લખી આપનારા/સંમતી આપનારા/કુ.મુ.ની સહી :-

ઓળખાણ આપનારાની સહી:-

સહી :-

સબ રજીસ્ટ્રાર :- ---------------------